સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 01

[DEC-JAN - 2019/20]
[29/12/19 to 4/01/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE CURRENT NEWS
WEEK 01
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


### CURRENT TOPICS

- ભારતના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત
- સમગ્ર દેશમાં ગુજરાત 'રો-મિલ્ક સપ્લાયર્સ'ને ઓળખપત્ર આપનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું
- India State of Forest Report 2019 મેન્ગ્રુવના વિસ્તારની વૃદ્ધિમાં ગુજરાત પ્રથમ
- SDG India Index 2019માં સમગ્ર દેશમાં કેરળ પ્રથમ
- ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે જનરલ બિપિન રાવતની નિમણૂક
- કર્ણાટકના બેંગાલુરુ ખાતે યોજાઈ '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 29 DECEMBER, 2019 SUNDAY

### ➤ દિલ્હી-દહેરાદૂન વચ્ચે ભારતની લાંબા અંતરની પ્રથમ CNG બસ લોન્ચ




ડિસેમ્બર, 2019 દરમિયાન ભારતના કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી <u>શ્રી ધર્મેન્દ્ર પ્રધાને</u> <u>દિલ્હીથી દહેરાદૂન</u> સુધીની <u>CNG બસ સર્વિસ</u>નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતની રાજધાની <u>દિલ્હી</u>થી ઉત્તરાખંડના પાટનગર <u>દહેરાદૂન</u> વચ્ચે શરૂ થયેલી આ બસ સર્વિસ <u>ભારતની લાંબા અંતરની (Long distance) પ્રથમ Interstate CNG બસ સર્વિસ</u> છે.
- મહિન્દ્રા કંપનીની આ બસ સિંગલ રિફિલમાં 1000 કિમીથી વધુ અંતર કાપશે.
- એટલે કે દિલ્હીથી દહેરાદૂન વચ્ચેનું અંતર આશરે 250 કિમી જેટલું છે. આથી, આ બસ એક વખત CNG ગેસ ભર્યા બાદ દિલ્હીથી દહેરાદૂન સુધી બે વખત જઈને પરત ફરી શકશે.
- દિલ્હીથી દહેરાદૂન ઉપરાંત ભારતમાં દિલ્હીથી જયપુર અને દિલ્હીથી ચંદીગઢ તેમજ દિલ્હીથી આગ્રા વચ્ચે પણ આવી બસો શરૂ કરવામાં આવશે.

**નોંધ :** (1) ભારતની સૌથી મોટી CNG વિતરણ કંપની <u>Indraprastha Gas Limited (IGL)</u> દ્વારા આ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે.

(2) <u>CNGનું પૂરું નામ Compressed Natural Gas</u> છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAM

### ➤ Long March 5 રોકેટ દ્વારા ચીનનો સૌથી ભારે કોમ્યુનિકેશન ઉપગ્રહ Shijian-20 સફળતાપૂર્વક લોન્ચ

ડિસેમ્બર 2019 દરમિયાન <u>ચીને</u> તેનો સૌથી ભારે <u>સંચાર</u> ઉપગ્રહ <u>શિજિયાન-20</u> સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે.

- વિશ્વના સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલમાંના એક <u>લોન્ગ માર્ચ-5</u> નામના <u>રોકેટ</u> દ્વારા આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.
- ચીનના <u>હૈનાન</u> પ્રાંતના <u>વેનચાંગ સ્પેસ લોન્ચ સેન્ટર</u> પરથી આ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.



## ICE ? Questions

1. ભારતમાં કયા બે શહેરો વચ્ચે ભારતની લાંબા અંતરની પ્રથમ આંતરરાજ્ય CNG બસ સેવાનો પ્રારંભ થયો છે ?
   (A) દિલ્હી-શિમલા (B) દિલ્હી-હરિદ્વાર (C) દિલ્હી-દહેરાદૂન (D) દિલ્હી-શ્રીનગર **(C)**

2. CNGનું પૂરું નામ શું છે ?
   (A) Compact Natural Gas (B) Compaq Natural Gas
   (C) Complected Natural Gas (D) Compressed Natural Gas **(D)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

3. ડિસેમ્બર 2019 દરમિયાન ચીને તેનો સૌથી વધુ વજનદાર કયો Communication (સંચાર) ઉપગ્રહ લોન્ચ કર્યો છે ?
(A) Gaofen 10 (B) Gaofen 20 (C) Shijian 10 (D) Shijian 20 **(D)**

4. કયા રોકેટની મદદથી તાજેતરમાં ચીને તેનો સૌથી ભારે કોમ્યુનિકેશન સેટેલાઈટ શિજિયાન 20 લોન્ચ કર્યો છે ?
(A) Long March - 2 (B) Long March - 3
(C) Long March - 5 (D) Long March - 7 **(C)**

## 30 DECEMBER, 2019 MONDAY

### ➤ ભારતના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત



29 ડિસેમ્બર 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** ભારતના પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા **શ્રી અમિતાભ બચ્ચનને** **'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'**થી સન્માનિત કર્યા છે.

- ભારતમાં **નવી દિલ્હી**ના **રાષ્ટ્રપતિ ભવન** ખાતે યોજાયેલા એક સમારોહમાં શ્રી અમિતાભ બચ્ચનને આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ અગાઉ 23 ડિસેમ્બર, 2019ના રોજ યોજાયેલા '66મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ' એનાયત કરવાના મુખ્ય સમારોહમાં તેઓ ઉપસ્થિત રહી શક્યા ન હતા.
- આથી, શ્રી અમિતાભ બચ્ચનને પાછળથી 29 ડિસેમ્બર, 2019ના રોજ આ પુરસ્કાર એનાયત થયો છે.
- શ્રી અમિતાભ બચ્ચને 1969માં **'સાત હિન્દુસ્તાની'** ફિલ્મથી પોતાની **અભિનેતા** તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- **પદ્મ શ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ** એવોર્ડ વિજેતા **શ્રી અમિતાભ બચ્ચન**ને વર્ષ 2007માં **ફ્રાન્સ**ના સર્વોચ્ચ નાગરિક સન્માન **'The Knight of the Legion of Honour'**થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત તેમણે અનેક **નેશનલ એવોર્ડ** તથા **ફિલ્મ ફેર એવોર્ડ** જીત્યા છે.

**ખાસ નોંધ:** આ અગાઉ નવેમ્બર 2019 દરમિયાન કેટલાક મીડિયામાં એવા અહેવાલો પ્રસિદ્ધ થયા હતા કે 20 નવેમ્બર, 2019ના રોજ **50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) 2019**ના ઉદ્ઘાટન સમારોહમાં **શ્રી રજનીકાંત**ના હસ્તે શ્રી અમિતાભ બચ્ચનને દાદા સાહેબ ફાળકે એવોર્ડ એનાયત થયો છે. જોકે, ખરી હકીકત એ છે કે શ્રી અમિતાભ બચ્ચનને શ્રી રજનીકાંતના હસ્તે નહિ, પરંતુ **શ્રી રામનાથ કોવિંદ**ના હસ્તે 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' એનાયત થયો છે.

### દાદા સાહેબ ફાળકે એવોર્ડ

દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એ **ભારતનો ફિલ્મ ક્ષેત્રનો સર્વોચ્ચ** પુરસ્કાર છે.

- **ભારતીય સિનેમામાં** કોઈ વ્યક્તિના **આજીવન યોગદાન**ને ધ્યાનમાં રાખીને આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને **રૂ. 10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક** અને **શાલ** ઓઢાડીને સન્માનિત કરવામાં આવે છે.

- 1969માં સૌપ્રથમ સુશ્રી દેવિકા રાણીને 17મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ અગાઉ શ્રી વિનોદ ખન્નાને 65મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં વર્ષ 2017નો દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત થયો હતો.
- તાજેતરમાં શ્રી અમિતાભ બચ્ચનને 66મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ અંતર્ગત આ દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત થયો છે.

**નોંધ :** (1) ભારતમાં દર વર્ષે 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ' એનાયત કરવા માટેના સમારોહમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત સંસ્થા ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

## ➤ શ્રી હેમંત સોરેન ઝારખંડના બીજી વખત મુખ્યમંત્રી બન્યા



તાજેતરમાં ઝારખંડમાં 30 નવેમ્બરથી 20 ડિસેમ્બર 2019 દરમિયાન પાંચ તબક્કામાં વિધાનસભા ચૂંટણીનું આયોજન થયું હતું.

- ત્યારબાદ 23 ડિસેમ્બર, 2019ના રોજ આ ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું.
- જેમાં ઝારખંડના મુખ્યમંત્રી શ્રી રઘુબર દાસના નેતૃત્વવાળી સત્તાધારી ભારતીય જનતા પાર્ટીનો પરાજય થયો હતો.
- આથી, ભાજપના શ્રી રઘુબર દાસે ઝારખંડના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું.
- જોકે, ઝારખંડમાં યોજાયેલી આ ચૂંટણીમાં એક પણ પક્ષને સંપૂર્ણ બહુમતી મળી ન હતી.
- આથી, ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા (JMM), કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ (RJD) તેમજ નેશનાલીસ્ટ કોંગ્રેસ પાર્ટીના મહાગઠબંધનવાળી નવી સરકાર અસ્તિત્વમાં આવી છે.
- જેમાંથી ઝારખંડ મુક્તિ મોરચાના શ્રી હેમંત સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે બીજી વખત શપથ લીધા છે.
- શ્રી હેમંત સોરેન આ અગાઉ 13 જુલાઈ 2013થી 28 ડિસેમ્બર 2014 સુધી ઝારખંડના મુખ્યમંત્રી રહ્યા હતા.
- ત્યારબાદ તાજેતરમાં 29 ડિસેમ્બર 2019ના રોજ ઝારખંડના રાંચી ખાતે આવેલા મોરાબાદી મેદાનમાં યોજાયેલા સમારોહમાં ઝારખંડના રાજ્યપાલ સુશ્રી દ્રૌપદી મુર્મુએ શ્રી હેમંત સોરેનને ઝારખંડના મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.

**નોંધ :** (1) ઝારખંડ વિધાનસભામાં 81 + 1 = કુલ 82 વિધાનસભા બેઠકો આવેલી છે.

(2) જેમાંથી 81 બેઠકો પર ચૂંટણી યોજાય છે જ્યારે 1 સભ્યની રાજ્યપાલ દ્વારા નિમણૂક કરવામાં આવે છે.

(3) ઝારખંડમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ઝારખંડ મુક્તિ મોરચા (JMM)ને સૌથી વધુ 30 બેઠકો મળી હતી. ત્યારબાદ ભાજપને 25 અને કોંગ્રેસને 16 બેઠકો મળી હતી.

(4) ઝારખંડના મુખ્યમંત્રી તરીકે જેમણે 5 વર્ષનો કાર્યકાળ પૂરો કર્યો હોય તેવા શ્રી રઘુબર દાસ ઝારખંડના પ્રથમ મુખ્યમંત્રી છે.

## શપથવિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના **ત્રીજા પરિશિષ્ટ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ **15 ટકા** મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે.

(2) ભારતીય બંધારણના **અનુચ્છેદ-163** અનુસાર રાજ્યને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

(3) ભારતીય બંધારણના **અનુચ્છેદ-164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

(5) ભારતમાં 30 ડિસેમ્બર 2019ની સ્થિતિએ હાલ **આંધ્રપ્રદેશ**માં સૌથી વધુ **5 નાયબ મુખ્યમંત્રી** હોદ્દા પર કાર્યરત છે.

(6) **આંધ્રપ્રદેશ** બાદ બીજા ક્રમે **કર્ણાટક**માં **ત્રણ** નાયબ મુખ્યમંત્રી પદ પર છે.

(7) અને **આંધ્રપ્રદેશ** અને **કર્ણાટક** બાદ ત્રીજા ક્રમે **ગોવા અને ઉત્તરપ્રદેશ**માં **બે-બે** નાયબ મુખ્યમંત્રી કાર્યરત છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 29 ડિસેમ્બર 2019ના રોજ કઈ જગ્યાએ યોજાયેલા સમારોહમાં શ્રી અમિતાભ બચ્ચનને 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) વિજ્ઞાન ભવન, નવી દિલ્હી (B) હૈદરાબાદ હાઉસ, નવી દિલ્હી
(C) રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી (D) સંસદનો સેન્ટ્રલ હોલ, નવી દિલ્હી
**(C)**

2. શ્રી અમિતાભ બચ્ચનને કોના દ્વારા 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર' એનાયત થયો છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી અમિત શાહ
**(B)**

3. 'દાદા સાહેબ ફાળકે પુરસ્કાર'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે ભારતનો સર્વોચ્ચ ફિલ્મ પુરસ્કાર છે.
2. ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.
3. ભારતમાં દર વર્ષે યોજાતા 'રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ' એનાયત કરવા માટેના સમારોહમાં આ પુરસ્કાર એનાયત થાય છે.
4. આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક અને શાલ અર્પણ કરવામાં આવે છે.
5. 1967માં સૌપ્રથમ સુશ્રી દેવિકા રાણીને આ પુરસ્કાર એનાયત થયો હતો.
(A) 1, 2, 3, 4, 5 (B) 1, 3, 4, 5 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4
**(D)**

4. દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા છેલ્લા ચાર મહાનુભાવોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી મનોજ કુમાર (2015) (B) સુશ્રી શ્રીદેવી (2016)
(C) શ્રી વિનોદ ખન્ના (2017) (D) શ્રી અમિતાભ બચ્ચન (2018 અથવા 2019)
**(B)**
(નોંધ : ભારતના પ્રસિદ્ધ ફિલ્મ ડિરેક્ટર, ઓડિયોગ્રાફર અને કેરેક્ટર એક્ટર **શ્રી કે. વિશ્વનાથ**ને વર્ષ **2016**નો આ પુરસ્કાર એનાયત થયો હતો.)

5. તાજેતરમાં ઝારખંડના નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?
(A) શ્રી રઘુબર દાસ (B) શ્રી શિબુ સોરેન
(C) શ્રી હેમંત સોરેન (D) શ્રી અર્જુન મુંડા **(C)**

6. શ્રી હેમંત સોરેનને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે કોણે શપથ અપાવ્યા છે ?
(A) સુશ્રી દ્રૌપદી મુર્મુ (B) શ્રી સૈયદ અહેમદ
(C) શ્રી વેદ મારવાહ (D) સુશ્રી મીરા નાયર **(A)**

7. શ્રી હેમંત સોરેન કેટલામી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(B)**

8. તાજેતરમાં ઝારખંડમાં કોના ગઠબંધનવાળી નવી સરકાર અસ્તિત્વમાં આવી છે ?
(A) ઝારખંડ મુક્તિ મોરચા અને કોંગ્રેસ
(B) ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ અને ઝારખંડ વિકાસ મોરચા
(C) ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ અને નેશનાલીસ્ટ કોંગ્રેસ પાર્ટી
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

## 31 DECEMBER, 2019 TUESDAY

### ➤ સમગ્ર દેશમાં ગુજરાત 'રો-મિલ્ક સપ્લાયર્સ'ને ઓળખપત્ર આપનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

30 ડિસેમ્બર 2019ના રોજ FSSAI દ્વારા સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત ગુજરાતમાં **'વેરીફાઈડ મિલ્ક વેન્ડર્સ' યોજના** લોન્ચ કરવામાં આવી છે.

- FSSAI દ્વારા ગુજરાતમાં **અમદાવાદ** ખાતેથી આ યોજના લોન્ચ કરવામાં આવી છે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં નાગરિકોને **ગુણવત્તાલક્ષી શુદ્ધ દૂધ** મળી રહે તે છે.
- આથી, ગુજરાતમાં દૂધની ગુણવત્તા પર દેખરેખ રાખવા માટે તેમજ અન્ય સહાય આપવા માટે આ યોજના અંતર્ગત ગુજરાતમાં આશરે **40 લાખ દૂધ ઉત્પાદકોને ઓળખપત્ર** આપવામાં આવશે.
- ગુજરાતની જુદી જુદી ડેરીઓમાં દૂધ સપ્લાય કરતા તમામ દૂધ ઉત્પાદકોને કેન્દ્ર સરકારની આ યોજના અંતર્ગત ઓળખકાર્ડ આપવામાં આવશે.
- આ સાથે જ **દૂધ ઉત્પાદકોને ઓળખપત્ર** આપનારું **ગુજરાત** ભારતનું **પ્રથમ** રાજ્ય બની જશે.

**નોંધ :** આ યોજના અંતર્ગત દૂધ ઉત્પાદકોને **ઓળખપત્ર** ઉપરાંત દૂધની ચકાસણી માટે **લેક્ટોમીટર** પણ આપવામાં આવશે.

### હાઈજિન રેટિંગ સ્કિમ

**'વેરીફાઈડ મિલ્ક વેન્ડર્સ' યોજના** ઉપરાંત FSSAI દ્વારા ગુજરાતમાં **'હાઈજિન રેટિંગ સ્કિમ'** પણ લોન્ચ કરવામાં આવી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતની તમામ હોટલ, રેસ્ટોરન્ટ, કેન્ટિન, મંદિર, શાળાઓ વગેરેમાં **ગુણવત્તાલક્ષી ખોરાક** મળી રહે તે છે.
- આથી, આ યોજના હેઠળ ગુજરાતના આશરે 50 હજાર જેટલા હોટલ, રેસ્ટોરન્ટ, કેન્ટિન, મંદિર, શાળા વગેરેને આવરી લેવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ફૂડ બિઝનેસ ઓપરેટર જાતે જ પોતાની પેઢીની **સેનિટેશન અને હાઈજિન** અંગે મૂલ્યાંકન કરી શકશે.
- અને FSSAI દ્વારા આ સંદર્ભે ગુણવત્તાના આધારે **પ્રમાણપત્ર** એનાયત કરવામાં આવશે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## FSSAI

FSSAIનું પૂરું નામ Food Safety and Standards Authority of India છે.

- ભારતમાં જાહેર આરોગ્યની સુરક્ષા માટે ખાદ્ય પદાર્થોની દેખરેખ અને નિયમન માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- ભારતમાં Food Safety and Standards Act, 2006 અંતર્ગત ઓગસ્ટ 2011માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- FSSAIએ ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય હેઠળ સ્થપાયેલી એક સ્વાયત્ત સંસ્થા છે.
- તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

**નોંધ :** FSSAIના વર્તમાન (31 ડિસેમ્બર, 2019ની સ્થિતિએ) અધ્યક્ષા સુશ્રી રીટા તેઓટિયા છે.

## ➤ India State of Forest Report 2019 મેન્ગ્રુવના વિસ્તારની વૃદ્ધિમાં ગુજરાત પ્રથમ

30 ડિસેમ્બર, 2019ના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે નવી દિલ્હી ખાતેથી 'India State of Forest Report 2019' પ્રસિદ્ધ કર્યો છે.

- ભારતમાં વન ક્ષેત્રની સ્થિતિ અંગે માહિતી આપવા માટે ભારતીય વન સર્વે (Forest Survey of India) દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતનો સમાવેશ એવા થોડાક દેશોમાં થાય છે કે જ્યાં વન ક્ષેત્રનો વિસ્તાર સતત વધી રહ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતનો કુલ વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર 80.73 મિલિયન હેક્ટર (એટલે કે 8.073 કરોડ હેક્ટર) છે.
- જે ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના 24.56 ટકા છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં 5188 ચોરસ કિલોમીટરનો વધારો થયો છે.
- જેમાંથી ભારતમાં વન આચ્છાદિત વિસ્તારમાં 3976 ચોરસ કિલોમીટર અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં 1212 ચોરસ કિલોમીટરનો વધારો થયો છે.
- ભારતમાં સઘન વન ક્ષેત્રની વૃદ્ધિની બાબતમાં કર્ણાટક પ્રથમ ક્રમે છે. જ્યારે કર્ણાટક બાદ આંધ્રપ્રદેશ બીજા અને કેરળ ત્રીજા ક્રમે છે.

**ભારતમાં સઘન વન ક્ષેત્રના વિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો**

| ક્રમ | રાજ્ય | વૃદ્ધિ (ચોરસ કિલોમીટરમાં) |
|---|---|---|
| 1 | કર્ણાટક | 1025 |
| 2 | આંધ્રપ્રદેશ | 990 |
| 3 | કેરળ | 823 |

જ્યારે સૌથી વધુ વન વિસ્તાર (Forest Cover) ધરાવતા ભારતના રાજ્યોમાં મધ્યપ્રદેશ પ્રથમ ક્રમે છે.

- એટલે કે આ રિપોર્ટ અનુસાર ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર મધ્યપ્રદેશમાં છે.
- મધ્યપ્રદેશ બાદ અરૂણાચલ પ્રદેશ બીજા અને છત્તીસગઢ ત્રીજા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | મધ્યપ્રદેશ |
| 2 | અરૂણાચલ પ્રદેશ |
| 3 | છત્તીસગઢ |

જ્યારે <u>રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં સૌથી વધુ વન વિસ્તાર</u> ધરાવતા ભારતના રાજ્યોમાં <u>મિઝોરમ પ્રથમ</u> ક્રમે છે.

- <u>મિઝોરમ</u> બાદ <u>અરૂણાચલ પ્રદેશ</u> <u>બીજા</u> અને <u>મેઘાલય</u> <u>ત્રીજા</u> ક્રમે છે.

## ભારતમાં કુલ ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો

| ક્રમ | રાજ્યકુલ | ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં વન વિસ્તાર |
|---|---|---|
| 1 | મિઝોરમ | 85.41% |
| 2 | અરૂણાચલ પ્રદેશ | 79.63% |
| 3 | મેઘાલય | 76.33% |

આ રિપોર્ટ અનુસાર વર્ષ <u>2019</u>માં ભારતમાં <u>મેન્ગ્રુવ</u>નો કુલ વિસ્તાર <u>4975 ચોરસ કિલોમીટર</u> છે.

- વર્ષ <u>2017</u>ની તુલનાએ વર્ષ <u>2019</u>માં ભારતમાં <u>મેન્ગ્રુવ</u>ના વિસ્તારમાં <u>54 ચોરસ કિલોમીટર</u>નો વધારો થયો છે.
- જેમાંથી ભારતમાં <u>મેન્ગ્રુવ</u>ના વિસ્તારમાં સૌથી વધુ વધારો <u>ગુજરાત</u>માં થયો છે.
- <u>ગુજરાત</u> બાદ <u>મહારાષ્ટ્ર</u> <u>બીજા</u> અને <u>ઓડિશા</u> <u>ત્રીજા</u> ક્રમે છે.

## ભારતમાં મેન્ગ્રુવના વિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો

| ક્રમ | રાજ્ય | વૃદ્ધિ (ચોરસ કિલોમીટરમાં) |
|---|---|---|
| 1 | ગુજરાત | 37 |
| 2 | મહારાષ્ટ્ર | 16 |
| 3 | ઓડિશા | 8 |

- જ્યારે ભારતમાં <u>તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને આંદમાન નિકોબાર</u>માં મેન્ગ્રુવના વિસ્તારોમાં કુલ <u>7 હેક્ટર</u>નો ઘટાડો થયો છે.

**નોંધ :** (1) આ રિપોર્ટ અનુસાર ભારતની કુલ વન સંપત્તિમાં વર્ષ <u>2017</u>ની તુલનાએ વર્ષ <u>2019</u>માં <u>9.338 કરોડ ચોરસ મીટર</u>નો વધારો થયો છે.

(2) ભારતમાં <u>દર બે વર્ષે</u> આ રિપોર્ટ પ્રસિદ્ધ થાય છે.

(3) તાજેતરમાં પ્રસિદ્ધ થયેલો આ રિપોર્ટ <u>16મો</u> 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ' (ISFR) છે.

### ICE Questions

1. 'રો-મિલ્ક સપ્લાયર્સ' અથવા તો દૂધ ઉત્પાદકોને ઓળખપત્ર આપનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?

(A) ગુજરાત (B) કેરળ (C) તમિલનાડુ (D) તેલંગાણા

(A)

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

2. FSSAI દ્વારા ભારતના કયા રાજ્યમાં સૌપ્રથમ વખત 'વેરિફાઈડ મિલ્ક વેન્ડર્સ' યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) ગુજરાત (B) કેરળ (C) તમિલનાડુ (D) તેલંગાણા — (A)

3. FSSAI દ્વારા ગુજરાતમાં દૂધ ઉત્પાદકોને દૂધની ચકાસણી માટે કયું સાધન આપવામાં આવશે ?
(A) મિલ્કમીટર (B) લેકોમીટર (C) લેક્ટોમીટર (D) લેપ્રોમીટર — (C)

4. ગુજરાતની તમામ હોટલ, રેસ્ટોરન્ટ, કેન્ટિન, મંદિર, શાળાઓ વગેરેમાં ગુણવત્તાલક્ષી ખોરાક મળી રહે તે માટે FSSAI દ્વારા ગુજરાતમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
(A) ટેસ્ટી ફૂડ રેટિંગ સ્કિમ (B) ફૂડ રેટિંગ સ્કિમ
(C) ફૂડ સેફટી રેટિંગ સ્કિમ (D) હાઈજિન રેટિંગ સ્કિમ — (D)

5. ભારતમાં જાહેર આરોગ્યની સુરક્ષા માટે ખાદ્ય પદાર્થોની દેખરેખ અને નિયમન માટે કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે ?
(A) ISFI (B) FSAI (C) FSSAI (D) FSASI — (C)

6. FSSAIનું પૂરું નામ શું છે ?
(A) Food Safety and Standards Authority of India
(B) Food Safety and Security Authority of India
(C) Food Safety and Secure Authority of India
(D) Food Safety and Status Authority of India — (A)

7. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર ભારતનો કુલ વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના કેટલા ટકા છે ?
(A) 22.56 (B) 23.56 (C) 24.56 (D) 25.56 — (C)

8. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2019માં ભારતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં કેટલા ચોરસ કિલોમીટરનો વધારો થયો છે ?
(A) 4188 (B) 5188 (C) 6188 (D) 7188 — (B)

9. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર ભારતમાં સઘન વન ક્ષેત્રમાં સૌથી વધુ વધારો ભારતના કયા રાજ્યમાં થયો છે ?
(A) કેરળ (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) મધ્યપ્રદેશ — (B)

10. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર ભારતના કયા રાજ્યમાં છે?
(A) મધ્યપ્રદેશ (B) મિઝોરમ (C) અરૂણાચલ પ્રદેશ (D) છત્તીસગઢ — (A)

11. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં સૌથી વધુ વન વિસ્તાર ધરાવતું ભારતનું રાજ્ય કયું છે ?
(A) મણિપુર (B) મેઘાલય (C) મિઝોરમ (D) અરૂણાચલ પ્રદેશ — (C)

12. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર ભારતમાં મેન્ગ્રુવના વિસ્તારમાં સૌથી વધુ વધારો કયા રાજ્યમાં થયો છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) ઓડિશા (D) પશ્ચિમ બંગાળ — (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 1 JANUARY, 2020 WEDNESDAY

### ➤ SDG India Index 2019માં સમગ્ર દેશમાં કેરળ પ્રથમ




30 ડિસેમ્બર 2019ના રોજ ભારતમાં નીતિ આયોગ દ્વારા SDG India Index 2019 અથવા તો SDG India Index 2.0 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- ભારતમાં નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલો આ બીજો SDG એટલે કે 'Sustainable Development Goals India Index' છે.
- એક બહેતર વિશ્વના નિર્માણ માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2015માં 17 લક્ષ્યાંકો (Goals) નિર્ધારિત કરવામાં આવ્યા હતા.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા નક્કી કરવામાં આવેલા આ 17 લક્ષ્યાંકોને યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશો દ્વારા વર્ષ 2030 સુધીમાં પૂરા કરવામાં આવશે.
- યુનાઈટેડ નેશન્સે વર્ષ 2030 સુધીમાં અચીવ કરવા માટે નક્કી કરેલા આ 17 લક્ષ્યાંકો Sustainable Development Goals (સતત વિકાસ લક્ષ્યાંકો) તરીકે ઓળખાય છે.
- આ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ કરેલી પ્રગતિની સમીક્ષા માટે ભારતમાં નીતિ આયોગ દ્વારા વર્ષ 2018થી SDG India Index પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- SDG લક્ષ્યાંકોની પ્રાપ્તિ માટે થઈ રહેલી પ્રગતિના મૂલ્યાંકનની પેટારાષ્ટ્રીય વ્યવસ્થા કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### આ ઈન્ડેક્સમાં રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોનું મૂલ્યાંકન

વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં SDGના 17માંથી 16 લક્ષ્યાંકો અંગે થયેલી પ્રગતિને આધારે ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

- આ 16 લક્ષ્યાંકો અંગે થયેલી કામગીરીને આધારે ભારતના દરેક રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને 0થી 100ની રેન્જમાં સ્કોર આપવામાં આવ્યો છે.
- જો કોઈ રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશ 100 સ્કોર મેળવે છે તો તે 2030ના રાષ્ટ્રીય લક્ષ્યાંકો હાંસલ થઈ ગયાનું સૂચવે છે. એટલે કે વધારે સ્કોર લક્ષ્યાંકથી વધુ નજીકની સ્થિતિ દર્શાવે છે.

#### સ્કોરના આધારે વર્ગીકરણ

આ ઈન્ડેક્સમાં સ્કોરના આધારે ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોનું ચાર ભાગોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે :

| ક્રમ | કેટેગરી | સ્કોર |
|---|---|---|
| 1 | આકાંક્ષી | 0 - 49 |
| 2 | પર્ફોર્મર | 50 - 64 |
| 3 | ફ્રન્ટ રનર | 65 - 99 |
| 4 | એચિવર | 100 |

## આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યોનો રેન્ક

આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યોમાં 70ના સ્કોર સાથે કેરળ પ્રથમ ક્રમે છે.

- કેરળ બાદ 69ના સ્કોર સાથે હિમાચલ પ્રદેશ બીજા ક્રમે છે.
- જ્યારે આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુ સંયુક્ત રીતે 67ના સ્કોર સાથે આ ઈન્ડેક્સમાં ત્રીજા ક્રમે છે.
- 64ના સ્કોર સાથે મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડ સહિત ગુજરાત આ ઈન્ડેક્સમાં છઠ્ઠા ક્રમે છે.
- ભારતના રાજ્યોમાં 50ના સ્કોર સાથે બિહાર અંતિમ ક્રમે છે.

**SDG India Index 2019માં ભારતના રાજ્યોનો Rank**

| Rank | રાજ્ય | સ્કોર |
|---|---|---|
| 1 | કેરળ | 70 |
| 2 | હિમાચલ પ્રદેશ | 69 |
| 3 | આંધ્રપ્રદેશ | 67 |
| | તેલંગાણા | 67 |
| | તમિલનાડુ | 67 |
| 4 | કર્ણાટક | 66 |
| 5 | ગોવા | 65 |
| | સિક્કિમ | 65 |
| 6 | ગુજરાત | 64 |
| | મહારાષ્ટ્ર | 64 |
| | ઉત્તરાખંડ | 64 |
| (અંતિમ) 15 | બિહાર | 50 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) આ ઈન્ડેક્સમાં 65થી વધુ સ્કોર ધરાવતા ભારતના સાત રાજ્યોનો સમાવેશ 'ફ્રન્ટ રનર'ની કેટેગરીમાં થયો છે.

(2) જ્યારે આ ઈન્ડેક્સમાં ગુજરાતનો સમાવેશ 'પર્ફોર્મર'ની કેટેગરીમાં થયો છે.

## આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોનો રેન્ક

આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 70ના સ્કોર સાથે ચંદીગઢ પ્રથમ ક્રમે છે.

- ચંદીગઢ બાદ 66ના સ્કોર સાથે પુડુચેરી બીજા ક્રમે છે.
- જ્યારે સંયુક્ત રીતે 59ના સ્કોર સાથે જમ્મુ કાશ્મીર અને લદાખ અંતિમ 5મા ક્રમે છે.



## SDG India Index 2019માં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોનો Rank

| Rank | કેન્દ્ર શાસિત પ્રદેશ | સ્કોર |
|---|---|---|
| 1 | ચંદીગઢ | 70 |
| 2 | પુડુચેરી | 66 |
| 3 | દાદરા અને નગર હવેલી | 63 |
| | લક્ષદ્વીપ | 63 |
| 4 | દિલ્હી | 61 |
| | દમણ અને દીવ | 61 |
| | આંદમાન અને નિકોબાર | 61 |
| 5 | જમ્મુ અને કાશ્મીર | 59 |
| | લદાખ | 59 |

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં સમગ્ર ભારતનો સંયુક્ત સ્કોર 57 હતો. જે વધીને વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં 60 થઈ ગયો છે.

(2) આ ઈન્ડેક્સમાં ભારતનો સંયુક્ત સ્કોર 60 છે. જ્યારે ગુજરાતનો સ્કોર 64 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં કોના દ્વારા 'SDG India Index' પ્રસિદ્ધ કરવામાં આવે છે ?
(A) નાણાં મંત્રાલય (B) પર્યટન મંત્રાલય (C) સંચાર મંત્રાલય (D) નીતિ આયોગ **(D)**

2. ભારતમાં નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલા SDG India Index 2019 અથવા તો SDG India Index 2.0માં ભારતના રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) કર્ણાટક (B) કેરળ (C) હિમાચલ પ્રદેશ (D) આંધ્રપ્રદેશ **(B)**

3. નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'SDG India Index 2019'માં ભારતના રાજ્યોમાં અંતિમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) ઝારખંડ (C) બિહાર (D) ત્રિપુરા **(C)**

4. નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'SDG India Index 2019'માં ગુજરાતનો સમાવેશ કઈ કેટેગરીમાં થયો છે ?
(A) આકાંક્ષી (B) પર્ફોર્મર (C) ફ્રન્ટ રનર (D) એચિવર **(B)**

5. 'SDG India Index 2019'માં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો કેન્દ્ર શાસિત પ્રદેશ છે ?
(A) દિલ્હી (B) પુડુચેરી (C) લદાખ (D) લક્ષદ્વીપ **(D)**

6. 'SDG India Index 2019'માં ભારતનો સંયુક્ત સ્કોર 60 હતો... જ્યારે ગુજરાતનો આ ઈન્ડેક્સમાં કેટલો સ્કોર છે ?
(A) 60 (B) 62 (C) 64 (D) 70 **(C)**

## 2 JANUARY, 2020 THURSDAY

### ➤ બિન નિવાસી ગુજરાતીઓ અંગે ગુજરાત સરકાર દ્વારા 'અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિ'ની રચના

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં **'અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિ'**ની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- સમગ્ર ભારતના વિવિધ પ્રદેશોમાં વસતા **બિન નિવાસી ગુજરાતીઓને ગુજરાતની વિકાસયાત્રામાં જોડવા** તેમજ **તેમની સમસ્યાઓના નિવારણ માટે** ગુજરાત સરકાર દ્વારા આ સમિતિની રચના કરવામાં આવશે.
- આ સમિતિની બેઠક **વર્ષમાં બે વખત** મળશે.
- જેમાંથી **એક** બેઠક **ગુજરાત**માં જ્યારે **અન્ય** બેઠક **યજમાન રાજ્ય**માં યોજાશે.

#### સમિતિના સભ્યો

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** આ સંકલન સમિતિના **મુખ્ય સંવર્ધક** રહેશે.

- જ્યારે **બિન નિવાસી ગુજરાતી પ્રભાગના (Non Resident Gujarati Division)**ના રાજ્ય મંત્રી **શ્રી પ્રદીપ સિંહ જાડેજા** આ સમિતિના **અધ્યક્ષ** રહેશે.
- આ સમિતિના સભ્યો તરીકે ભારતના વિવિધ રાજ્યોના રજીસ્ટર્ડ ગુજરાતી સમાજોના પ્રમુખશ્રીઓ / મંત્રીશ્રીઓ તથા કેટલાક પ્રસિદ્ધ બિન નિવાસી ગુજરાતીઓનો સમાવેશ કરવામાં આવશે.
- આ ઉપરાંત ગુજરાત સરકારના કેટલાક સરકારી સાહસોના વડાઓનો આ સમિતિના આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવશે.

### ➤ ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો



1 જાન્યુઆરી 2020ના રોજ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સરકારના **કર્મચારીઓના મોંઘવારી ભથ્થા**માં **(Dearness Allowance - DA)**માં અને **પેન્શનરોની મોંઘવારી રાહત (Dearness Relief - DR)**માં **5 ટકા**નો વધારો કરવામાં આવ્યો છે.

- આ સાથે જ ગુજરાત સરકારના કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાનો દર તેમજ પેન્શનરોને અપાતી મોંઘવારી રાહતનો દર હવે **12 ટકા**થી વધીને **17 ટકા** થઈ ગયો છે.
- સરકારના આ નિર્ણયથી ગુજરાતના આશરે **9.61 લાખ** જેટલા સરકારી કર્મચારીઓ તથા પેન્શનરોને લાભ થશે.
- જ્યારે આ નિર્ણયથી સરકારને વાર્ષિક **રૂ. 1821 કરોડ**નો વધારાનો ખર્ચ થશે.
- સરકારના આ નિર્ણયનો અમલ **1 જુલાઈ, 2019**થી થશે.
- આથી, જાન્યુઆરી 2020થી તો તેમના પગારમાં 5 ટકાનો વધારો થઈ જ જશે.
- સાથે–સાથે તેમને જુલાઈ-2019થી ડિસેમ્બર-2019 સુધીના 6 મહિનાના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ પણ આપવામાં આવશે.
- તફાવતની આ રકમ સરકાર ત્રણ હપ્તામાં ચૂકવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત

ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા ભારતના જે જિલ્લાઓમાં મેડિકલ કોલેજ નથી તેવા 75 આકાંક્ષી જિલ્લાઓમાં મેડિકલ કોલેજ સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- અને આ અંગે હાલ દરખાસ્ત મંગાવવામાં આવી છે.
- જેમાં ગુજરાતના 5 જિલ્લાઓની પસંદગી થઈ છે.
- આથી, ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના 5 જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી છે.
- આ પાંચ જિલ્લાઓ તથા સ્થળોના નામ આ પ્રમાણે છે :



| ક્રમ | સ્થળ | જિલ્લો |
|---|---|---|
| 1 | ગોધરા | પંચમહાલ |
| 2 | વેરાવળ | ગીર સોમનાથ |
| 3 | ખંભાળિયા | દેવભૂમિ દ્વારકા |
| 4 | બોટાદ | બોટાદ |
| 5 | મોરબી | મોરબી |

આ પાંચ કોલેજના નિર્માણ માટે કોલેજ દીઠ રૂ. 325 કરોડ લેખે 5 કોલેજના નિર્માણ માટે કુલ રૂ. 1625 કરોડનો ખર્ચ થશે.

- આ રકમમાંથી 60 ટકા રકમ કેન્દ્ર સરકાર ચૂકવશે. અને બાકીની 40 ટકા રકમ ગુજરાત સરકાર આપશે.
- આ ઉપરાંત આ કોલેજોની સ્થાપના માટે ગુજરાત સરકાર દ્વારા જમીન વિનામૂલ્યે આપવામાં આવશે.
- આ તમામ કોલેજોની સાથે સાથે દરેક કોલેજમાં પ્રથમ તબક્કે 300 બેડની સુવિધાવાળી હોસ્પિટલોનું પણ નિર્માણ થશે.
- આ દરેક કોલેજમાં પ્રથમ વર્ષે 100 - 100 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

## ➤ વિઝડનની દાયકાની શ્રેષ્ઠ ટી-20 ટીમમાં ભારતના શ્રી વિરાટ કોહલી અને શ્રી જસપ્રિત બુમરાહનો સમાવેશ

વિશ્વ પ્રસિદ્ધ મેગેઝિન વિઝડન દ્વારા છેલ્લા એક દાયકાની શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ ટી-20 ટીમ જાહેર કરવામાં આવી છે.

- જેમાં ભારતના શ્રી વિરાટ કોહલી અને શ્રી જસપ્રિત બુમરાહ એમ કુલ બે ખેલાડીઓનો સમાવેશ થયો છે.
- જ્યારે ઓસ્ટ્રેલિયાના શ્રી આરોન ફિન્ચની આ ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે.

**વિઝડનની કઈ ટીમમાં ભારતના કયા ક્રિકેટરનો સમાવેશ થયો છે ?**

| ક્રમ | ટીમનું નામ | સમાવેશ પામેલ ભારતીય ક્રિકેટર |
|---|---|---|
| 1 | દાયકાની શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ ટી-20 ટીમ | શ્રી વિરાટ કોહલી |
| | | શ્રી જસપ્રિત બુમરાહ |
| 2 | દાયકાની શ્રેષ્ઠ વન ડે ટીમ | શ્રી વિરાટ કોહલી |
| | | શ્રી રોહિત શર્મા |
| | | શ્રી મહેન્દ્ર સિંહ ધોની |
| 3 | દાયકાની શ્રેષ્ઠ ટેસ્ટ ટીમ | શ્રી વિરાટ કોહલી (કેપ્ટન) |
| | | શ્રી રવિચંદ્રન અશ્વિન |



INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) વિઝડનની આ ત્રણેય ટીમોમાં જેમનો સમાવેશ થયો હોય એવા શ્રી વિરાટ કોહલી એકમાત્ર ભારતીય ક્રિકેટર છે.

(2) વિઝડનની દાયકાની શ્રેષ્ઠ ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે શ્રી વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી છે.

(3) છેલ્લા એક દાયકાના વિશ્વના પાંચ સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની વિઝડનની યાદીમાં પણ ભારતના શ્રી વિરાટ કોહલીનો સમાવેશ થયો છે.

(4) આ ઉપરાંત છેલ્લા એક દાયકાના વિશ્વના 50 સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની 'ધ ક્રિકેટર્સ'ની યાદીમાં શ્રી વિરાટ કોહલી પ્રથમ ક્રમે છે.

## ICE ? Questions

1. બિન નિવાસી ગુજરાતીઓ અંગે ગુજરાત સરકાર દ્વારા 'અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિ'ની રચના કરવામાં આવી છે... આ સમિતિના સંવર્ધક કોણ રહેશે ?
(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી નીતિનભાઈ પટેલ
(C) શ્રી પ્રદીપસિંહ જાડેજા (D) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા **(A)**

2. બિન નિવાસી ગુજરાતીઓ અંગે ગુજરાત સરકાર દ્વારા 'અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિ'ની રચના કરવામાં આવી છે... આ સમિતિના અધ્યક્ષ કોણ રહેશે ?
(A) શ્રી વિજયભાઈ રૂપાણી (B) શ્રી નીતિનભાઈ પટેલ
(C) શ્રી પ્રદીપસિંહ જાડેજા (D) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા **(C)**

3. 1 જાન્યુઆરી 2020ના રોજ ગુજરાત સરકારના કર્મચારીઓ તથા પેન્શનરોના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 5 **(D)**

4. ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.... આ વધારા સાથે ગુજરાત સરકારના કર્મચારીઓનો મોંઘવારી ભથ્થાનો દર વધીને કેટલો થઈ ગયો છે ?
(A) 12 ટકા (B) 14 ટકા (C) 17 ટકા (D) 21 ટકા **(C)**

5. ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.... આ વધારાથી ગુજરાત સરકાર પર વધારાનો વાર્ષિક કેટલો બોજ પડશે ?
(A) રૂ. 1221 કરોડ (B) રૂ. 1621 કરોડ (C) રૂ. 1821 કરોડ (D) રૂ. 2021 કરોડ **(C)**

6. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના કેટલા જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે ?
(A) 5 (B) 8 (C) 10 (D) 12 **(A)**

7. ગુજરાતના કયા પાંચ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી છે ?
(A) પંચમહાલ, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા, બોટાદ, મોરબી
(B) પંચમહાલ, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા, બોટાદ, રાજકોટ
(C) અરવલ્લી, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા, બોટાદ, મોરબી
(D) સાબરકાંઠા, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા, બોટાદ, રાજકોટ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ગુજરાતના કયા પાંચ સ્થળોએ નવી મેડિકલ કોલેજો શરૂ કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી છે ?
(A) ગોધરા, ગીરસોમનાથ, દ્વારકા, બોટાદ, મોરબી
(B) ગોધરા, વેરાવળ, દ્વારકા, બોટાદ, મોરબી
(C) ગોધરા, વેરાવળ, ખંભાળિયા, બોટાદ, મોરબી
(D) ગોધરા, ગીરસોમનાથ, ખંભાળિયા, બોટાદ, મોરબી (C)

9. વિઝડનની દાયકાની શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ ટી-20 ટીમમાં ભારતના કયા ક્રિકેટરોનો સમાવેશ થયો છે ?
(A) શ્રી વિરાટ કોહલી અને શ્રી રવિન્દ્ર જાડેજા (B) શ્રી વિરાટ કોહલી અને શ્રી રવિચંદ્રન અશ્વિન
(C) શ્રી વિરાટ કોહલી અને શ્રી જસપ્રિત બુમરાહ (D) શ્રી વિરાટ કોહલી અને શ્રી રોહિત શર્મા (C)

10. વિઝડનની કઈ ટીમમાં ભારતના શ્રી વિરાટ કોહલીની કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે ?
(A) દાયકાની શ્રેષ્ઠ ટી-20 ટીમ (B) દાયકાની શ્રેષ્ઠ વન–ડે ટીમ
(C) દાયકાની શ્રેષ્ઠ ટેસ્ટ ટીમ (D) ત્રણમાંથી કોઈ નહિ (C)

## 03 JANUARY, 2020 FRIDAY

### ➤ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'સ્ટડી ઈન ગુજરાત અભિયાન' લોન્ચ




ગુજરાત સરકારના <u>શિક્ષણ વિભાગ</u> દ્વારા તાજેતરમાં <u>'સ્ટડી ઈન ગુજરાત અભિયાન'</u> લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે <u>ગુજરાતને ભારતના એજ્યુકેશનલ હબ</u> તરીકે પ્રસ્થાપિત કરવાનો છે.
- આ માટે <u>ભારતના અન્ય રાજ્યોના તેમજ વિશ્વના વિવિધ દેશોના વિદ્યાર્થીઓને ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે આમંત્રણ આપવાના હેતુથી</u> આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.
- આ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 15થી 22 જાન્યુઆરી 2020 દરમિયાન <u>કુવૈત, દુબઈ, મસ્કત અને રિયાધ</u>માં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.
- <u>પશ્ચિમ એશિયા</u>ના આ ચાર સ્થળો ઉપરાંત <u>શ્રીલંકા, નેપાળ, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ, કેન્યા, ઈથોપિયા, યુગાન્ડા અને ભૂટાનમાં</u> પણ આંતરરાષ્ટ્રીય રોડ શો યોજાશે.
- આ આંતરરાષ્ટ્રીય રોડ શોની સાથે સાથે ભારતમાં પણ રાંચી, ઈન્દોર, કોલકાતા, હૈદરાબાદ, ગુવાહાટી, પટણા, નાસિક અને શ્રીનગર સહિત <u>દસ શહેરો</u>માં રોડ શો યોજાશે.

### ➤ ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે જનરલ બિપિન રાવતની નિમણૂક



1 જાન્યુઆરી, 2020ના રોજ <u>ભારતના પ્રથમ CDS</u> એટલે કે <u>Chief of Defence Staff</u> તરીકે <u>જનરલ બિપિન રાવતે</u> પદભાર સંભાળી લીધો છે.

- ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એ <u>ભારતીય સશસ્ત્ર દળની ત્રણેય સેવાઓના વડા</u> છે.
- આ ઉપરાંત તેઓ <u>ભારત સરકારના સૌથી વરિષ્ઠ વર્દીધારી સૈન્ય સલાહકાર</u> છે.
- તેઓ <u>ફોર સ્ટાર જનરલનો રેન્ક</u> ધરાવતા ઓફિસર છે.
- તેઓ ભારત સરકારના <u>સંરક્ષણ મંત્રાલય</u> અંતર્ગતના <u>સૈન્ય અથવા તો લશ્કરી બાબતો અંગેના વિભાગ (Department of Military Affairs)</u>ના વડા છે. અને તેઓ આ વિભાગના <u>સચિવ</u> તરીકે કાર્ય કરશે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારતમાં CDSની ભૂમિકા

1. ભારતના CDS ભારતની ત્રણેય સેનાઓ અંગે ભારતના સંરક્ષણ મંત્રીના મુખ્ય સૈન્ય સલાહકાર છે.
2. તેઓ ભારતની ત્રણેય સેનાઓ વચ્ચે શ્રેષ્ઠ સમન્વય સાધવાના પ્રયત્નો કરશે.
3. ભારતની ત્રણેય સેનાઓ વચ્ચે ફાળવવામાં આવતા સૈન્ય બજેટના શ્રેષ્ઠ, સંતુલિત અને તર્ક સંગત ઉપયોગમાં તેમની મહત્ત્વની ભૂમિકા હશે.
4. ભારતની ત્રણેય સેનાઓને આધુનિક બનાવવાની જવાબદારી તેમના શિરે રહેશે. તેમજ તેમના માટે શસ્ત્રોની ખરીદી કરવામાં સ્વદેશી હથિયારો અને સ્વદેશી સંરક્ષણ ઉપકરણોની ખરીદીને પ્રોત્સાહન આપવામાં પણ તેમની મહત્ત્વની ભૂમિકા હશે.
5. આ ઉપરાંત યુદ્ધની સ્થિતિમાં ત્રણેય સેનાઓ વચ્ચેના શ્રેષ્ઠ સંકલનની જવાબદારી પણ CDSના શિરે જ રહેશે.

## ભારતમાં CDSના પદનું સર્જન

ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના નવા પદના સર્જનને ભારતમાં આઝાદી બાદ સંરક્ષણ ક્ષેત્રે થયેલો સૌથી મોટો સુધારો માનવામાં આવે છે.

- ભારતમાં સૌપ્રથમ વખત લોર્ડ માઉન્ટ બેટને આ અંગે વિચાર રજૂ કર્યો હતો.
- જૂન 1982માં જનરલ કે. વી. કૃષ્ણ રાવે ચીફ ઓફ ડિફેન્સના પદના સર્જન અંગે પોતાના વિચાર રજૂ કર્યા હતા.
- ત્યારબાદ 1999ના કારગીલ યુદ્ધ બાદ કારગીલ સમીક્ષા સમિતિ (Kargil Review Committee's) એ ભારતમાં સૌપ્રથમ વખત ઓફિસિયલી આ પદની રચના અંગે ભલામણ કરી હતી.
- કારગીલ સમીક્ષા સમિતિની આ ભલામણને આધારે 2001માં Group of Ministers દ્વારા આ પદના સર્જન અંગે સત્તાવાર દરખાસ્ત કરવામાં આવી હતી.
- ત્યારબાદ 2012માં શ્રી નરેશ ચંદ્ર ટાસ્ક ફોર્સે અને 2016માં લેફ્ટેનન્ટ જનરલ ડી. બી. શેકટકર કમિટીએ પણ CDSના પદ અંગે પોતાની દરખાસ્ત રજૂ કરી હતી.
- 15 ઓગસ્ટ, 2019ના રોજ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ'ના પદનું સર્જન કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.
- અંતે, 24 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)એ ભારતમાં આ પદના સર્જનની મંજૂરી આપી હતી અને તેની ઔપચારિક જાહેરાત કરી હતી.

## CDSનો પગાર અને વધારાની સુવિધાઓ

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનો પગાર અને અન્ય સુવિધાઓ સર્વિસ ચીફ જેટલી જ એટલે કે ભારતીય સેનાના ત્રણેય વડાઓ જેટલી જ હશે.

- ભારતમાં ભારતીય સેનાના ત્રણેય વડાઓનો માસિક પગાર હાલ રૂ. 2,50,000 છે.
- આથી, ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનો માસિક પગાર રૂ. 2,50,000 હશે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## CDSની નિમણૂક

ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનું **નામાંકન કેબિનેટની નિમણૂક સમિતિ (Appointments Committee of the Cabinet)** દ્વારા કરવામાં આવે છે.

- અને ભારતના **રાષ્ટ્રપતિ** દ્વારા તેમની **નિમણૂક** કરવામાં આવે છે.

## CDSનો કાર્યકાળ

ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના હોદ્દાની મુદત **3 વર્ષ અથવા તો 65 વર્ષનું આયુષ્ય એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે છે.**

**નોંધ :** (1) ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ **સૈન્ય બાબતોના વિભાગના પ્રમુખ** હોવા ઉપરાંત **ચીફ ઓફ સ્ટાફ કમિટી**ના **અધ્યક્ષ** પણ હશે.

(2) ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ સેનાની ત્રણે પાંખોની બાબતોમાં સંરક્ષણ મંત્રીના મુખ્ય સૈનિક સલાહકાર તરીકે કામ કરશે. જોકે, તેની સાથે સાથે ત્રણેય સેનાઓના અધ્યક્ષ પણ પોતાની સેનાઓના સંબંધમાં સંરક્ષણ મંત્રીને સલાહ આપતા રહેશે.

(3) ભારતમાં CDS ભારતની ત્રણેય સેનાઓના વડાઓને કે પછી અન્ય કોઈ પણ પ્રકારનો **સૈન્ય આદેશ (Military Command)** આપી શકશે નહિ. ભારતમાં CDS રાજકીય નેતૃત્વને નિષ્પક્ષ સલાહ આપી શકે તે માટે આ જોગવાઈ કરવામાં આવી છે.

(4) **જનરલ બિપીન રાવત**નો જન્મ 16 માર્ચ, 1958ના રોજ વર્તમાન **ઉત્તરાખંડ**ના **પૌરી ગઢવાલ** જિલ્લાના **પૌરી** ખાતે થયો હતો.

(5) તેઓ **16 ડિસેમ્બર, 1978**ના રોજ **11મી ગોરખા રાઈફલ**ની **પાંચમી બટાલિયન**માંથી ભારતીય સેનામાં સામેલ થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતના અન્ય રાજ્યોના તેમજ વિશ્વના દેશોના વિદ્યાર્થીઓને ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે આમંત્રિત કરવા ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી 2020 દરમિયાન કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?
(A) સ્ટડી ઈન અવર સ્ટેટ (B) સ્ટડી ઈન ગાંધીનગર
(C) સ્ટડી ઈન અવર સ્ટેટ ગુજરાત (D) સ્ટડી ઈન ગુજરાત **(D)**

2. 'સ્ટડી ઈન ગુજરાત અભિયાન' અંતર્ગત જાન્યુઆરી 2020 દરમિયાન ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પશ્ચિમ એશિયાના કયા ચાર દેશો કે શહેરોમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) ઈરાક, દુબઈ, મસ્કત, રિયાધ (B) ઈરાન, દુબઈ, મસ્કત, રિયાધ
(C) કુવૈત, દુબઈ, મસ્કત, રિયાધ (D) જોર્ડન, દુબઈ, મસ્કત, રિયાધ **(C)**

3. ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) જનરલ બિપીન રાવત (B) જનરલ મનોજ મુકુંદ નરવાણે
(C) જનરલ દલબિર સિંઘ સુહાગ (D) જનરલ બિક્રમ સિંઘ **(A)**

4. ભારતમાં કેટલા સ્ટાર ધરાવતા ઓફિસરની ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે નિમણૂક કરવામાં આવે છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 5 **(C)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેઓ ભારતીય સેનાની ત્રણેય પાંખના વડા છે.
2. તેઓ ભારતીય સેનાની કોઈ પણ પાંખને સશસ્ત્ર હુમલાનો આદેશ આપી શકે છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

6. ભારતમાં સંરક્ષણ મંત્રાલયના સૈન્ય બાબતો અંગેના વિભાગ (Department of Military Affairs)ના વડા કોણ હોય છે ?
(A) સંરક્ષણ મંત્રી (B) રાજ્ય કક્ષાના સંરક્ષણ મંત્રી
(C) આર્મી ચીફ (D) ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ **(D)**

7. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ ભારતની ત્રણેય સેનાઓ અંગે કોના મુખ્ય સૈન્ય સલાહકાર છે ?
(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ
(C) સંરક્ષણ મંત્રી (D) વડાપ્રધાન અને સંરક્ષણ મંત્રી **(C)**

8. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અંગે સૌપ્રથમ વખત કોણે વિચાર રજૂ કર્યો હતો ?
(A) લોર્ડ કેનિંગ (B) લોર્ડ વેલેસ્લી (C) લોર્ડ માઉન્ટ બેટન (D) લોર્ડ લિનલિથગો **(C)**

9. ભારતમાં રચાયેલી કઈ સમિતિએ ભારતમાં ઔપચારિક રીતે સૌપ્રથમ વખત ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદના સર્જન અંગે ભલામણ કરી હતી ?
(A) જનરલ કે. વી. કૃષ્ણ રાવ સમિતિ (B) જનરલ વી. કે. સિંહ સમિતિ
(C) જનરલ વી. કે. નાયર સમિતિ (D) કારગીલ સમીક્ષા સમિતિ **(D)**

10. ભારતમાં ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (GOM) દ્વારા સૌપ્રથમ વખત ક્યારે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદના સર્જન અંગે સત્તાવાર દરખાસ્ત કરવામાં આવી હતી ?
(A) 1999 (B) 2000 (C) 2001 (D) 2019 **(C)**

11. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ક્યારે ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)ના સર્જન અંગે જાહેરાત કરી હતી ?
(A) 26 જાન્યુઆરી, 2018 (B) 15 ઓગસ્ટ, 2018
(C) 26 જાન્યુઆરી, 2019 (D) 15 ઓગસ્ટ, 2019 **(D)**

12. 24 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કઈ સમિતિ દ્વારા ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)ના પદના સર્જનની મંજૂરી આપવામાં આવી છે ?
(A) કેબિનેટ કમિટી ઓન પાર્લિયામેન્ટ (CCP) (B) કેબિનેટ કમિટી ઓન અપોઈન્ટમેન્ટ (CCA)
(C) કેબિનેટ કમિટી ઓન સિક્યારિટી (CCS) (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

13. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નો માસિક પગાર કેટલો હોય છે ?
(A) રૂ. 1,50,000 (B) રૂ. 2,00,000 (C) રૂ. 2,50,000 (D) રૂ. 3,00,000 **(C)**

14. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે ?
(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ (C) CCA (D) CCS **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનું નામાંકન કોના દ્વારા કરવામાં આવે છે ?
(A) મંત્રી મંડળ (B) કેબિનેટની નિમણૂક સમિતિ (CCA)
(C) ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (D) કેબિનેટની સુરક્ષા સમિતિ (CCS) **(B)**

16. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના હોદ્દાની વધુમાં વધુ મુદત કેટલી હોય છે ?
(A) રાષ્ટ્રપતિની મરજી સુધી
(B) 5 વર્ષ અથવા 60 વર્ષનું આયુષ્ય એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(C) 3 વર્ષ અથવા 60 વર્ષનું આયુષ્ય એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે
(D) 3 વર્ષ અથવા 65 વર્ષનું આયુષ્ય એ બેમાંથી પહેલા જે પૂરું થાય તે **(D)**

17. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નું પદ કયા પ્રકારનું પદ છે ?
(A) બંધારણીય (સંવૈધાનિક) (B) ગેરબંધારણીય (ગેરસંવૈધાનિક) વૈધાનિક
(C) ગેરબંધારણીય (ગેરસંવૈધાનિક) કારોબારી (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

18. ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નું પદ કયા પ્રકારનું પદ છે ?
(A) બંધારણીય (સંવૈધાનિક) (B) ગેરબંધારણીય (ગેરસંવૈધાનિક) વૈધાનિક
(C) ગેરબંધારણીય (ગેરસંવૈધાનિક) (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

**નોંધ :** ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)નું પદ ગેરબંધારણીય અથવા તો ગેરબંધારણીય કારોબારી પ્રકારનું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 04 JANUARY, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 4 જાન્યુઆરી, વિશ્વ બ્રેઈલ દિન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 જાન્યુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2019થી થયો છે.
- બ્રેઈલ લિપીના જનક શ્રી લુઈસ બ્રેઈલની યાદમાં તેમનો જન્મ દિન 4 જાન્યુઆરી 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિન' તરીકે ઉજવાય છે.
- અંધજનો પણ આંગળીના સ્પર્શથી વાંચી શકે તે માટે શ્રી લુઈસ બ્રેઈલે આ બ્રેઈલ લિપીની શોધ કરી હતી.

### ➤ કર્ણાટકના બેંગાલુરુ ખાતે યોજાઈ '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'




જાન્યુઆરી, 2020 દરમિયાન ભારતમાં કર્ણાટકના બેંગાલુરુની કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી (University of Agricultural Sciences)માં '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ' (107th Indian Science Congress)નું આયોજન થયું હતું.

- આ અંતર્ગત 3 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમિટનો શુભારંભ કરાવ્યો હતો.
- વર્ષ 2020માં યોજાયેલી આ '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'ની થીમ 'Science and Technology : Rural Development' હતી.
- આ કોંગ્રેસના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ I-STEM Portal પણ લોન્ચ કર્યું હતું.

**નોંધ :** (1) ભારતમાં 'ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'ની સાથે સાથે સૌપ્રથમ વખત 'Farmer's Science Congress' (ખેડૂત વિજ્ઞાન કોંગ્રેસ)નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

(2) Indian Science Congress ઉપરાંત ભારતમાં દર વર્ષે Children's Science Congress અને Women's Science Congressનું પણ આયોજન થાય છે.

(3) ભારતમાં ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિયેશનની સ્થાપના 1914માં થઈ હતી.

(4) તેનું વડું મથક પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે આવેલું છે. અને તેની પ્રથમ સમિટ 1914માં કોલકાતા ખાતે યોજાઈ હતી.

(5) ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિયેશનના સભ્યોમાં 30,000થી વધુ વૈજ્ઞાનિકોનો સમાવેશ થાય છે.

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય બ્રેઈલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી (C) 3 જાન્યુઆરી (D) 4 જાન્યુઆરી — **(D)**

2. જાન્યુઆરી 2020 દરમિયાન ભારતમાં કેટલામી 'ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ' (Indian Science Congress)નું આયોજન થયું હતું ?
(A) 107મી (B) 108મી (C) 109મી (D) 110મી — **(A)**

3. ભારતમાં '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ' ક્યાં યોજાઈ હતી ?
(A) નવી દિલ્હી (B) બેંગાલુરુ (C) હૈદરાબાદ (D) કોલકાતા — **(B)**

4. ભારતમાં કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલી કઈ યુનિવર્સિટીમાં યોજાયેલી '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભારંભ કરાવ્યો હતો ?
(A) બેંગલોર યુનિવર્સિટી (B) બેંગલોર સેન્ટ્રલ યુનિવર્સિટી
(C) અઝિમ પ્રેમજી યુનિવર્સિટી (D) કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી — **(D)**

5. '107મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'ની થીમ શું હતી ?
(A) Science and Technology : Rural Development
(B) Science and Technology : Urban Development
(C) Science and Technology : Agriculture Development
(D) Science and Technology : Economic Development — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં પ્રાંસલા ખાતે 22મી રાષ્ટ્રકથા શિબિરનું આયોજન

તાજેતરમાં ગુજરાતમાં રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પ્રાંસલા ખાતે 22મી રાષ્ટ્રકથા શિબિરનું આયોજન થયું હતું. 'નવા ભારતના નિર્માણ' અર્થે યોજાયેલી આ શિબિરમાં ભારતભરના અનેક રાજ્યોના હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્ર ભક્તિની પ્રેરણા આપવામાં આવી હતી. શ્રી સ્વામી ધર્મબંધુજી પ્રેરિત વૈદિક મિશન ટ્રસ્ટ દ્વારા દર વર્ષે આ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

### ➤ નવદુર્ગા બાલિકા પૂજન કાર્યક્રમ માટે ગુજરાતના ICDS મહિલા અને બાળ વિકાસ વિભાગને વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત

ગુજરાત સરકારના ICDS મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નવરાત્રિના તહેવાર દરમિયાન ગુજરાતમાં 'નવદુર્ગા બાલિકા પૂજન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની 53029 આંગણવાડી કેન્દ્રોમાં એક સાથે 5,21,077 બાલિકાઓનું પૂજન કરી પોષણ કીટ આપવામાં આવી હતી. જેનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. આ અંતર્ગત તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના ICDS મહિલા અને બાળ વિકાસ વિભાગને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. ICDSનું પૂરું નામ Integrated Child Development Services છે.

### ➤ 43 ટકા સ્ટાર્ટઅપ સાથે ગુજરાત ભારતનું સ્ટાર્ટઅપ હબ બન્યું

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા નાસ્કોમના એક રિપોર્ટ અનુસાર વર્ષ 2014થી 2019 દરમિયાન ભારતમાં સ્થપાયેલા ફંડેડ સ્ટાર્ટઅપમાંથી એકલા ગુજરાતમાં જ 43 ટકા ફંડેડ સ્ટાર્ટઅપ કાર્યરત થયા છે. આથી, ગુજરાત દેશનું સ્ટાર્ટઅપ હબ બન્યું છે. નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત વિશ્વમાં ત્રીજો સૌથી મોટો દેશ બન્યો છે. જેમાં ગુજરાતનું મહત્ત્વનું યોગદાન છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ નાણકીય વર્ષ 2019-20ના પ્રથમ 6 મહિનામાં ગુજરાતમાં રૂ. 24012 કરોડનું વિદેશી મૂડી રોકાણ

નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ગુજરાતમાં રૂ. 12618 કરોડનું સીધું વિદેશી મૂડી રોકાણ (Foreign Direct Investment - FDI) થયું હતું. જ્યારે ભારત સરકારના DPIIT વિભાગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2019-20ના એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના પ્રથમ છ માસમાં ગુજરાતમાં રૂ. 24012 કરોડનું સીધું વિદેશી મૂડી રોકાણ થયું છે. જે 2018-19ના સમગ્ર વર્ષ દરમિયાન થયેલા મૂડી રોકાણ કરતાં ડબલ છે. આ ઉપરાંત એપ્રિલ 2000થી સપ્ટેમ્બર 2019 સુધીમાં રૂ. 1.41 લાખ કરોડના FDI સાથે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

# ભારત

## ➤ શ્રી પેજાવર મઠના પ્રમુખ શ્રી વિશ્વેશ તીર્થ સ્વામીજીનું નિધન

ભારતમાં કર્ણાટકમાં ઉડુપી ખાતે આવેલા શ્રી પેજાવર મઠના પ્રમુખ શ્રી વિશ્વેશ તીર્થ સ્વામીજીનું 29 ડિસેમ્બર, 2019ના રોજ 88 વર્ષની વયે ઉડુપી ખાતેના તેમના મઠમાં નિધન થયું છે. તેમના નિધન બાદ કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બી.એસ. યેદીયુરપ્પાએ કર્ણાટકમાં ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ શ્રી અમિત શાહના હસ્તે નવી દિલ્હી ખાતે નિર્માણ પામનાર CRPFના નવા હેડક્વાર્ટરનો શિલાન્યાસ

29 ડિસેમ્બર, 2019ના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં નિર્માણ પામનાર CRPFના નવા હેડક્વાર્ટરનો શિલાન્યાસ કર્યો છે. આ પ્રસંગે શ્રી અમિત શાહે CRPFના જવાનોને વર્ષમાં 100 દિવસની રજા આપવા અંગે સરકાર વિચારણા કરી રહી છે તેવી માહિતી પણ આપી હતી. આ ઉપરાંત આ પ્રસંગે તેમણે સામાન્ય લોકો તથા VIPની સુરક્ષામાં રોકાયેલા જવાનો માટે નવો લોગો 'ગરૂડ' પણ લોન્ચ કર્યો હતો. CRPFનું પૂરું નામ Central Reserve Police Force છે. તે ભારતનું સૌથી મોટું કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ છે. અને તેને વિશ્વનું સૌથી મોટું અર્ધ સૈનિક દળ (World Largest Paramilitary Force) માનવામાં આવે છે. તે ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

## ➤ નવી નેવિગેશન સિસ્ટમથી સજ્જ ડોર્નિયર-228 વિમાન ભારતીય વાયુસેનામાં સામેલ

31 ડિસેમ્બર, 2019ના રોજ ભારતીય વાયુસેનાના વડા શ્રી આર. કે. સિંહ ભદોરિયાએ ડોર્નિયર-228 વિમાનને ભારતીય વાયુસેનામાં વિધિવત્ રીતે સામેલ કર્યા છે. નવી નેવિગેશન સિસ્ટમથી સજ્જ આ વિમાનનો વાયુસેનાની 41મી સ્ક્વોડ્રન 'ઓટર્સ' (Otters)માં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતમાં દિલ્હીના પાલમ એરફોર્સ સ્ટેશનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આ વિમાનનો ભારતીય વાયુસેનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ➤ ભારતના 12 રાજ્યોમાં 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના શરૂ

કેન્દ્ર સરકાર દ્વારા અગાઉ પ્રાયોગિક ધોરણે **ગુજરાત અને મહારાષ્ટ્ર** તેમજ **આંધ્રપ્રદેશ અને તેલંગાણા**માં **'વન નેશન વન રેશન કાર્ડ'** યોજના શરૂ કરવામાં આવી હતી. હવે **1 જાન્યુઆરી, 2020**થી આ ચાર રાજ્યો ઉપરાંત **હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, ગોવા, ઝારખંડ અને ત્રિપુરા**માં પણ આ યોજના શરૂ કરવામાં આવી છે. આથી ભારતના **કુલ 12 રાજ્યો**માં આ યોજના શરૂ થઈ ગઈ છે. ભારતના બાકીના અન્ય રાજ્યોમાં **1 જૂન, 2020**થી આ યોજના લાગુ થશે. આ યોજના અંતર્ગત એક રાજ્યનો નાગરિક જો બીજા રાજ્યમાં જાય તો તે ત્યાં પણ તેના રેશનકાર્ડ દ્વારા અનાજ ખરીદી શકે છે.

## ICE Questions

- જાન્યુઆરી 2020 દરમિયાન ગુજરાતમાં 22મી રાષ્ટ્રકથા શિબિરનું આયોજન ક્યાં થયું હતું ? – પ્રાંસલા (તા. ઉપલેટા જિ. રાજકોટ)
- 'નવા ભારતના નિર્માણ' અર્થે ગુજરાતના પ્રાંસલા ખાતે દર વર્ષે કયા ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રકથા શિબિરનું આયોજન કરવામાં આવે છે ? – વૈદિક મિશન ટ્રસ્ટ
- નવદુર્ગા બાલિકા પૂજન કાર્યક્રમ માટે ગુજરાત સરકારના કયા વિભાગને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા પ્રમાણપત્ર એનાયત થયું છે ? – ICDS મહિલા અને બાળ વિકાસ વિભાગ
- તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા નાસ્કોમના રિપોર્ટ અનુસાર વર્ષ 2014થી 2019 દરમિયાન ભારતમાં સ્થપાયેલ ફંડેડ સ્ટાર્ટઅપમાંથી 43 ટકા સ્ટાર્ટઅપ સાથે કયું રાજ્ય ભારતનું સ્ટાર્ટઅપ હબ બન્યું છે ? – ગુજરાત
- નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ છ માસમાં ગુજરાતમાં કેટલું FDI (અથવા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ અથવા તો સીધું વિદેશી મૂડીરોકાણ) થયું છે કે જે નાણાકીય વર્ષ 2018-19ના રોકાણ કરતા ડબલ છે ? – રૂ. 24012 કરોડ
- શ્રી વિશ્વેશ તીર્થ સ્વામીજીનું તાજેતરમાં નિધન થયું છે...તેમના નિધન બાદ ભારતના કયા રાજ્યમાં ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી હતી ? – કર્ણાટક
- શ્રી વિશ્વેશ તીર્થ સ્વામીજીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા મઠના પ્રમુખ હતા ? – શ્રી પેજાવર મઠ (ઉડુપી, કર્ણાટક)
- ભારતના કયા શહેરમાં નિર્માણ પામનાર CRPFના નવા હેડક્વાર્ટરનો તાજેતરમાં શિલાન્યાસ થયો છે ? – નવી દિલ્હી
- ભારતમાં નવી દિલ્હી ખાતે CRPFના નવા હેડક્વાર્ટરનો કોના હસ્તે શિલાન્યાસ થયો છે ? – શ્રી અમિત શાહ
- ભારતમાં CRPF કેન્દ્ર સરકારના કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ? – ગૃહ મંત્રાલય
- 31 ડિસેમ્બર, 2019ના રોજ ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલા કાર્યક્રમમાં ડોર્નિયર-228 વિમાનને ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા છે ? – પાલમ એરફોર્સ સ્ટેશન (દિલ્હી)
- નવી નેવિગેશન સિસ્ટમથી સજ્જ ડોર્નિયર-228 વિમાનને ભારતીય વાયુસેનાની 41મી સ્ક્વોડ્રનમાં સામેલ કરવામાં આવ્યા છે...આ સ્ક્વોડ્રનનું નામ શું છે ? – ઓટર્સ (Otters)
- ભારતમાં એક રાજ્યનો નાગરિક બીજા રાજ્યની કોઈપણ રેશનિંગની દુકાનેથી પોતાના રેશન કાર્ડ દ્વારા અનાજ ખરીદી શકે તે માટે કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ? – વન નેશન વન રેશન કાર્ડ
- હાલ ભારતના 12 રાજ્યોમાં 'વન નેશન વન રેશન કાર્ડ' યોજનાનો પ્રારંભ થઈ ગયો છે...સમગ્ર ભારતમાં આ યોજના ક્યારથી લાગુ થશે ? – 1 જૂન, 2020

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાતમાં 25 વર્ષ કે તેથી જૂના ફ્લેટસના રિડેવલપમેન્ટ માટે અગાઉ 85 ટકા સભ્યોની મંજૂરી જરૂરી હતી...હવે તે ઘટાડીને કેટલી કરવામાં આવી છે ? – 75 ટકા
2. નાતાલની ઉજવણી નિમિત્તે ગુજરાતના અમદાવાદમાં 25થી 31 ડિસેમ્બર, 2019 દરમિયાન યોજાનાર કયા કાર્નિવલનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો ? – કાંકરિયા કાર્નિવલ - 2019
3. ગુજરાતમાં MSME ક્ષેત્રે ધિરાણ આપવા માટે ગુજરાત સરકારે કઈ બેન્ક સાથે MOU કર્યા છે ? – બેન્ક ઓફ બરોડા
4. ભારતના કયા પ્રસિદ્ધ ટેનિસ ખેલાડીએ વર્ષ 2020માં ટેનિસમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે ? – શ્રી લિએન્ડર પેસ
5. તાજેતરમાં શ્રી લિએન્ડર પેસે ટેનિસમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે...તેમનો જન્મ કયાં થયો હતો ? – કોલકાતા (પશ્ચિમ બંગાળ)
6. 'જોરદાર ઝાલાવાડ સમૃદ્ધ ઝાલાવાડ'ની થીમ સાથે ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા 'ગ્લોબલ ઝાલાવાડ મેગા એક્ઝીબિશન 2019'નો 27 ડિસેમ્બર 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો ? – સુરેન્દ્રનગર
7. તાજેતરમાં કયા દેશે 885 એમ શ્રેણીની પ્રથમ સબમરીન 'યાસેન-એમ' લોન્ચ કરી છે ? – રશિયા
8. BSNL-MTNLના કાયાકલ્પ માટે રૂ. 69000 કરોડના રીવાઈવલ પ્લાનના અમલ માટે કેટલા સભ્યોના ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (GOM)ની રચના કરવામાં આવી છે ? – સાત
9. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી નિખત ઝરીન કઈ રમત સાથે સંકળાયેલા છે ? – બોક્સિંગ
10. સુશ્રી મેરી કોમે ભારતની કઈ યુવા બોક્સરને પરાજય આપીને 51 કિગ્રા ઈવેન્ટની ઓલિમ્પિક ક્વોલિફાયર્સ માટે ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું છે ? – સુશ્રી નિખત ઝરીન
11. સુશ્રી નિખત ઝરીન કયા રાજ્યના મહિલા બોક્સર છે ? – તેલંગાણા
12. 28 ડિસેમ્બર, 2019ને શ્રી અરૂણ જેટલીના જન્મદિન નિમિત્તે ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રી દ્વારા શ્રી અરૂણ જેટલીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે ? – બિહાર
    (બિહારના મુખ્યમંત્રી શ્રી નીતિશ કુમારે બિહારના પટના ખાતે શ્રી અરૂણ જેટલીની પ્રતિમાનું અનાવરણ કર્યું છે.)
13. દૂધમાં સાકરની જેમ ભળી ગયેલા પારસીઓની સંસ્કૃતિને ઉજાગર કરવા માટે ગુજરાતમાં દર બે વર્ષે કયો ઉત્સવ ઉજવાય છે ? – ઈરાનશાહ ઉદવાડા ઉત્સવ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. 27થી 29 ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા ત્રિદિવસીય 'ઈરાનશાહ ઉદવાડા ઉત્સવ 2019'માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ? – ઉદવાડા (તા. પારડી, જિ. વલસાડ)

15. ગુજરાતમાં કઈ જગ્યાએ આવેલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ ખાતે 28 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને રૂ. 150 કરોડના ખર્ચે નવનિર્મિત સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું ? – રાજકોટ

16. 29 ડિસેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા શ્રીમદ રાજચંદ્ર મિશનના રજત જયંતી સમારોહમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ? – ધરમપુર (જિ. વલસાડ)

17. ભારતમાં 27 ડિસેમ્બર, 2019ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત મંજૂર કરાયેલા ઘરોની સંખ્યા વધીને કેટલી થઈ ગઈ છે ? – 1 કરોડથી વધારે

18. ભારતમાં 'DefExpo India - 2020' ક્યાં યોજાશે ? – લખનૌ (ઉત્તરપ્રદેશ)

19. ભારતમાં ફેબ્રુઆરી 2020 દરમિયાન લખનૌમાં યોજાનાર ડિફેન્સ એક્સ્પો માટે તાજેતરમાં કોના દ્વારા DefExpo 2020 મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ? – શ્રી રાજનાથ સિંહ

20. તાજેતરમાં વિશ્વના કયા દેશે ગૂગલ અને એમેઝોન જેવી કંપનીઓ પાસેથી વર્ષ 2020થી 3 ટકા ડિજિટલ ટેક્સ વસૂલવાનો નિર્ણય કર્યો છે ? – ઈટલી

21. ભારતમાં વરિષ્ઠ નાગરિકો સાથે સંકળાયેલી કઈ યોજના માટે કેન્દ્ર સરકારે આધાર લિંકિંગ ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે ? – વય વંદના યોજના

22. તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશે 'ઈલેક્ટ્રીક વાહન નીતિ 2019'ને મંજૂરી આપી છે ? – દિલ્હી

23. ભારતના કયા બે શહેરો અથવા તો રાજ્યો વચ્ચે હિમ દર્શન એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ થયો છે ? – કલ્કા (હરિયાણા)થી શિમલા (હિમાચલ પ્રદેશ)

(આ ટ્રેનની મુખ્ય વિશેષતા એ છે કે આ ટ્રેન Glass Rooftop એટલે કે કાચનું છાપરું ધરાવતી વિસ્ટા ડોમ ટ્રેન છે.)

24. પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી પીટર સિડલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે...તેમના દેશનું નામ શું છે ? – ઓસ્ટ્રેલિયા

25. ગુજરાતના ધ્રાંગધ્રાના કયા શિલ્પીએ 5થી 10 કિલો વજનવાળી પથ્થરની કૃતિઓ પાણીમાં તરતી મૂકીને લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે ? – શ્રી વિજય પી. સોમપુરા

26. ડિસેમ્બર, 2019 દરમિયાન ભારતમાં 27મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન ક્યાં થયું હતું ? – તિરુવનંતપુરમ (કેરળ)

27. ઈસરો દ્વારા વ્યાપારી ધોરણે 7 દેશોના કુલ કેટલા ઉપગ્રહો વર્ષ 2019માં લોન્ચ કરવામાં આવ્યા છે ? – 50

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

28. કેન્દ્રીય સંચાર, કાયદો અને ન્યાય તથા ઈલેક્ટ્રોનિક અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી રવિ શંકર પ્રસાદે દિલ્હીમાં ખોવાયેલા મોબાઈલ શોધવા માટે કયું પોર્ટલ લોન્ચ કર્યું છે ?
– www.ceir.gov.in (અથવા Central Equipment Identity Register)

29. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2019' અનુસાર વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2019માં ભારતના વન વિસ્તારોમાં કાર્બનના સ્ટોકમાં કેટલો વધારો થયો છે ? – 4.26 કરોડ ટન

30. તાજેતરમાં શ્રી વિખો-ઓ-યહોશુનું મુંબઈ ખાતે નિધન થયું છે...તેઓ ભારતના કયા રાજ્યની વિધાનસભાના સ્પીકર હતા ? – નાગાલેન્ડ

31. ભારતમાં SPG (Special Protection Group)ના વર્તમાન ડાયરેક્ટરનો કાર્યકાળ 30 જુલાઈ, 2021 સુધી લંબાવવામાં આવ્યો છે...SPGના વર્તમાન ડાયરેક્ટર કોણ છે ? – શ્રી અરૂણકુમાર સિન્હા

32. ગુજરાત સરકારે પ્રાદેશિક ફિલ્મોને પ્રોત્સાહનની નીતિ અંતર્ગત 'હેલ્લારો' ફિલ્મને કેટલા રૂપિયાની સબસિડી સહાય જાહેર કરી છે ? – રૂ. 2 કરોડ

33. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હેલ્લારો' ફિલ્મના નિર્માતા (Director) કોણ છે ? – શ્રી અભિષેક શાહ

34. ઈસરો દ્વારા વર્ષ 2022માં ભારતનું કયું પ્રથમ સમાનવ અવકાશ મિશન હાથ ધરવામાં આવશે ? – ગગનયાન

35. ભારતના પ્રથમ સમાનવ અવકાશ મિશન 'ગગનયાન' માટે ઈસરોએ કેટલા પાઈલટ પસંદ કર્યા છે ? – ચાર

36. ભારતના પ્રથમ સમાનવ મિશન 'ગગનયાન' માટે ઈસરોએ પસંદ કરેલા ચાર પાઈલટને (અથવા તો ચાર અવકાશયાત્રીઓને) કયા દેશમાં તાલીમ આપવામાં આવશે ? – રશિયા

37. આંધ્રપ્રદેશમાં શ્રી હરિકોટા ખાતેના સતીશ ધવન સ્પેસ સેન્ટર બાદ ભારતમાં ઉપગ્રહ લોન્ચ કરવા માટે બીજું નવું મથક કયાં તૈયાર કરવામાં આવશે ? – તૂતિકોરિન, જિ. તૂતુકુડી (તમિલનાડુ)

38. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અજીત પવાર

39. ભારતના કયા રાજ્યમાં હાલ સૌથી વધુ 5 નાયબ મુખ્યમંત્રી હોદ્દા પર છે ? – આંધ્રપ્રદેશ

40. ભારતના કયા રાજ્યમાં હાલ 3 નાયબ મુખ્યમંત્રી હોદ્દા પર છે ? – કર્ણાટક

41. ભારતના કયા રાજ્યોમાં હાલ 2 નાયબ મુખ્યમંત્રી હોદ્દા પર છે ? – ગોવા અને ઉત્તરપ્રદેશ

42. ભારતમાં ઈસરો દ્વારા હાથ ધરવામાં આવનાર મિશન ચંદ્રયાન-3 અંતર્ગત રોવર, લેન્ડર અને ઓર્બિટરમાંથી શેનો સમાવેશ કરવામાં આવશે ? – 1 રોવર અને 1 લેન્ડર

43. ભારતના નાણા મંત્રી સુશ્રી નિર્મલા સિતારામને કરેલી જાહેરાત અનુસાર આગામી પાંચ વર્ષમાં ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે કુલ કેટલા રૂપિયાના રોકાણના પ્રોજેક્ટ પૂરા કરવામાં આવશે ? – રૂ. 102 લાખ કરોડ

44. 31 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના નવા આર્મી ચીફ (લશ્કરી વડા) તરીકે કોણે પદભાર સંભાળી લીધો છે ?
– શ્રી મુકુંદ મોહન નરવાણે

45. CBDT (એટલે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસે) કરેલી જાહેરાત અનુસાર 1 ફેબ્રુઆરી, 2020થી ભારતમાં કેટલા રૂપિયા કે તેનાથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી શોપ્સ, વેપાર પેઢીઓ અથવા કંપનીઓએ પોતાના ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા કરવી ફરજીયાત થઈ જશે ? – રૂ. 50 કરોડ

46. 1 જાન્યુઆરી, 2020થી ભારતમાં ભારતીય રેલવેના ઘણા બધા હેલ્પલાઈન નંબરોની જગ્યાએ કયા ફક્ત એક જ નંબરનો ઉપયોગ શરૂ થયો છે ? – 139

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

47. ATMમાંથી પૈસા ઉપાડવામાં સુરક્ષા માટે ભારતની કઈ બેન્ક દ્વારા મોબાઈલમાં OTPની સુવિધા શરૂ કરવાની યોજના બનાવવામાં આવી છે ? – SBI
48. ભારતના કયા રાજ્યમાં સુધારેલા નાગરિકતા ધારા - CAA વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે ? – કેરળ
49. 1 જાન્યુઆરી, 2020ના રોજ વિશ્વના કયા શહેરમાં આવેલા અમેરિકાના દૂતાવાસ પર પ્રદર્શનકારીઓએ હુમલો કર્યો હતો ? – બગદાદ (ઈરાક)
(આ હુમલાનો બદલો લેવા અમેરિકાએ ઈરાનના ટોચના નેતા જનરલ કાસીમ સુલેમાની પર ડ્રોનથી હુમલો કરીને તેમની હત્યા કરી હતી.)
50. 1 જાન્યુઆરી, 2020ના રોજ ભારતે કયા દેશ સાથે પરમાણુ સંસ્થાનોની યાદીની આપ-લે કરી છે ? – પાકિસ્તાન
(એક બીજાના દેશની પરમાણુ સંસ્થાઓ પર હુમલા રોકવા ભારત અને પાકિસ્તાન વચ્ચે 21 ડિસેમ્બર 1988ના રોજ એક સમજૂતી પર હસ્તાક્ષર થયા હતા. આ સમજૂતી અંતર્ગત 1992થી દર વર્ષે 1 જાન્યુઆરીના રોજ બંને દેશો પોતાના પરમાણુ સંસ્થાનોની યાદી એક બીજાને સોંપે છે.)
51. વિશ્વનો સૌથી ઊંચો કોંક્રિટ ટાવર બ્રીજ કયા દેશમાં શરૂ થયો છે ? – ચીન
52. ચીનના ગિયાઝોઉ પ્રાંતની કઈ બે કાઉન્ટીને જોડવા માટે વિશ્વના સૌથી ઊંચા કોંક્રિટ ટાવર બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે ? – પિંગટાંગ અને લુઓડિયાન
(પિંગટાંગ અને લુઓડિયાન કાઉન્ટીને જોડતો પિંગટાંગ ગ્રાન્ડ કોંક્રિટ ટાવર નામનો આ બ્રીજ ચીનની કાઓડુ નદી ખીણમાં બનાવવામાં આવ્યો છે.)
53. ભારતમાં આંધ્રપ્રદેશના રાજ મુન્દ્રી ખાતે યોજાયેલી 44મી અંડર-19 નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2019માં U-19 સિંગલ્સનું ટાઈટલ જીતનાર ગુજરાતી ખેલાડી કોણ છે ? – સુશ્રી તસનીમ મીર
54. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દર વર્ષે એનાયત થતો વર્ષ 2019નો 'મહાદેવભાઈ દેસાઈ' પુરસ્કાર કોને મળ્યો છે ? – સુશ્રી તરલાબહેન શાહ (પ્રસિદ્ધ સમાજ સુધારક)
55. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભારતમાં નાગરિકતા સંશોધન કાયદા (CAA)ના સમર્થનમાં ટ્વિટર પર કયું અભિયાન શરૂ કર્યું હતું ? – #indiasupportCAA
56. ગુજરાત સરકારે ગુજરાત પોલીસની એક આગવી ઓળખ ઊભી કરવા માટે પોલીસના ગણવેશમાં એકસમાન કયો બેજ઼ લગાડવાનો નિર્ણય કર્યો છે ? – GP (Gujarat Police)
57. ભારતમાં સૌપ્રથમ વખત ભારતની કઈ યુનિવર્સિટીમાં બંધારણનું શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે ? – ડૉ. બાબા સાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)
58. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા યૂનિસેફના રિપોર્ટ અનુસાર નવા વર્ષ 2020ના પ્રથમ દિવસે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ બાળકોનો જન્મ કયા દેશમાં થયો છે ? – ભારત (ભારત બાદ ચીન બીજા અને નાઈજીરિયા ત્રીજા ક્રમે છે.)
59. તાજેતરમાં કયા દેશમાં વિશ્વની પ્રથમ ડ્રાઈવરલેસ હાઈસ્પીડ સ્માર્ટ ટ્રેનનો પ્રારંભ થયો છે ? – ચીન
60. ચીનના કયા બે શહેરોની વચ્ચે વિશ્વની પ્રથમ ડ્રાઈવરલેસ હાઈસ્પીડ સ્માર્ટ ટ્રેનનો પ્રારંભ થયો છે ? – બેઈજિંગ અને ઝાંગજિયાકોઉ
61. એકલવાયુ જીવન જીવતા વૃદ્ધોની સુરક્ષા, સંભાળ અને સેવા માટે ગુજરાતમાં અમદાવાદ શહેર પોલીસે કઈ યોજના શરૂ કરી છે ? – અપનાપન યોજના
(આ યોજના અંતર્ગત અમદાવાદ શહેર પોલીસની શી ટીમ દર પંદર દિવસે તેમની મુલાકાત લેશે અને તેમને રાશન, દવાઓ અને ગેસ સિલિન્ડર લાવવામાં મદદ કરશે.)

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

62. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના શક્તિશાળી કમાન્ડર અને ઈરાનના ટોચના નેતા જનરલ કાસીમ સુલેમાનીની તાજેતરમાં અમેરિકાએ ડ્રોન હુમલા દ્વારા હત્યા કરી છે...આ હુમલો કયા શહેરના એરપોર્ટ પાસે થયો હતો ?

– બગદાદ (ઈરાક)

(અમેરિકાએ આ હુમલા માટે 'MQ-9 Reaper' નામના ડ્રોનનો ઉપયોગ કર્યો હતો એવું કહેવાય છે...આ હુમલા બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિનું નિર્માણ થયું છે.)


63. ગુજરાતમાં સૌપ્રથમ વખત કયા શહેરમાં એઈમ્સ માટે આઠ લેનનો 90 મીટર પહોળો રોડ બનાવવા માટે મંજૂરી આપવામાં આવી છે ? – રાજકોટ

(રાજકોટમાં રાજકોટ જામનગર હાઈવે પર આવેલા પરાપીપળિયાથી નવનિર્મિત એઈમ્સ સુધીના 12 કિમીના માર્ગ પર આ રોડનું નિર્માણ થશે.)

64. પ્લાસ્ટિકથી મુક્તિ માટે કયા શહેરમાં ભારતનું પ્રથમ ગાર્બેજ કાફે શરૂ થયું છે ? – અંબિકાપુર (છત્તીસગઢ)

65. પાકિસ્તાનના કયા ગુરુદ્વારા પર તાજેતરમાં કટ્ટરવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો ?

– નાનકાના સાહિબ ગુરુદ્વારા (શ્રી ગુરુનાનક દેવજીનું જન્મ સ્થળ)



# Glimpse of ICE Seminar 05/01/2020 - AHMEDABAD

## સ્પર્ધાત્મક પરીક્ષાના સમરાંગણના સૌ શૂરવીરોનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર







